(Posted & Published on 5th day of Each Month)
દર મહિનાની 'પ' તારીખે પ્રકાશિત



RNI NO. 14974/57 • R.NO.GAMC-56/2024-2026 • Valid up to 31 Dec. 2026



કુળદેવી શ્રી વાઘેશ્વરી માતાજી, વલભીપુર


ૐ ભૂર્ભુવઃ સ્વઃ ૐ તત્સવિતુર્વરેણ્યમ્ ભર્ગોદેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્

# વાલમ બ્રાહ્મણ જ્ઞાતિ વર્તમાન
(ગુજરાતી માસિક)

# VALAM BRAHMAN GNATI VARTMAN (Gujarati Monthly)

શ્રી વાલમ બ્રાહ્મણ મહામંડળ, અમદાવાદ સંચાલિત જ્ઞાતિનું મુખપત્ર

અંક-૫★વર્ષ-૭૬★માસ : વૈશાખ-જેઠ ★સંવત-૨૦૮૧★તા. ૦૫-૦૫-૨૦૨૫
વાર્ષિક લવાજમ રૂ.૫૦ ★ છુટક નકલ રૂ. ૫=૦૦
સંપાદક : કીર્તન દીક્ષિત તંત્રી : જયપ્રકાશ શુકલ



આદ્યસ્થાપક સંતશ્રી પુનિત મહારાજ

## સંત પુનિત જન્મજયંતિ વિશેષાંક



### પુનિત તારો પંથ નિરાળો....
(રાગ : કલાવતી આધારિત....)

પુનિત તારો પંથ નિરાળો,
રૂદિયે વસિયો ડાકોરવાળો... પુનિત તારો...
રામ નામની લાગી તાળી;
વશ કરીયા તેં તો વનમાળી... પુનિત તારો...
પરમારથના કામો કરીયા;
ભક્તિના ભંડારો ભરીયા... પુનિત તારો...
પંડ તણી ના પરવા રાખી;
કોરલને કીધું તેં કાશી... પુનિત તારો...
જનસેવાનો નાદ ગજાયો;
દુનિયામાં તેં ડંકો બજાયો... પુનિત તારો...
આશિષ તો દેજો દીલ ખોલી;
"બિંદુ"વિનવે બેઉ કર જોડી..પુનિત તારો...



અ.સૌ. પ્રતિમા - શ્રી જયપ્રકાશ શુક્લ
પરિણયની ગોલ્ડન જ્યુબિલી - ૫૦મી વર્ષગાંઠ પ્રસંગે
આ અંકના પ્રાયોજક - સ્પોન્સરર
વિશાલ જે.શુક્લ - પૃથા ★ રૂચિતા - જલ્પેશકુમાર અમીન

# સ્વર્ણિમ દંપતીને અભિનંદન

## Golden Jubilee Marriage Anniversary




**શ્રી જયપ્રકાશ ભાનુપ્રસાદ શુક્લ અને**
**અ.સૌ. પ્રતિમા, સોજીત્રા - નડીઆદ - અમદાવાદ.**
**લગ્ન તા. ૨૩-૫-૧૯૭૫**

સ્વ. ભાનુપ્રસાદ અંબાલાલ શુક્લ તથા સ્વ. હેમલતાબેનના સુપુત્ર
**જયપ્રકાશ** અને **અ.સૌ. પ્રતિમા**
સુપુત્રી સ્વ. બાલકૃષ્ણ વિષ્ણુરામ વૈદ્ય તથા સ્વ. શાંતાબેન, બુરહાનપુર
પરિણયના ૫૦ વર્ષ પૂર્ણ કરનાર સ્વર્ણિમ દંપતીને
અભિનંદન સહ સ્વસ્થ અને પ્રસન્ન દામ્પત્યજીવનની શુભેચ્છાઓ.

લિ.

ધર્મિષ્ઠાબેન રોહિતકુમાર શુક્લ
જયેન્દ્રબાળા અને ઈન્દ્રવદન હ. અધ્વર્યુ
વિજયકુમાર ભાનુપ્રસાદ શુક્લ

ધીરૂભાઈ અંબાલાલ વ્યાસ
નવિનચંદ્ર બાલકૃષ્ણ વૈદ્ય
તથા શુક્લ અને વૈદ્ય પરિવાર

-: પ્રમુખ :-
રશ્મીકાંત આચાર્ય
મો. ૯૭૨૬૪૭૫૮૮૪
-: ઉપપ્રમુખ :-
જયપ્રકાશ શુકલ
મો. ૯૮૨૪૪૭૯૯૪૪
-: મંત્રી :-
દિલીપભાઈ દીક્ષિત
મો. ૯૧૦૬૩૧૫૪૬૯
-: તંત્રી :-
કીર્તનભાઈ દીક્ષિત
મો. ૯૬૬૨૯૫૭૦૨૭
-: ખજાનચી :-
ભરત ભટ્ટ
મો. ૯૫૧૦૮૯૩૫૮૫
-: કાર્યાલય મંત્રી :-
જયેશભાઈ મહેતા
મો. ૯૯૯૮૮૦૪૮૩૮
-: સહતંત્રીઓ :-
મિતેશભાઈ અધ્વર્યુ
મો. ૯૧૫૭૦૮૭૭૨૧
કૌશલ પુરોહિત
મો. ૯૭૨૫૭૬૮૭૮૯
જયેશ પંડ્યા
મો. ૯૭૩૭૨૫૫૭૭૭
સુશીલભાઈ વ્યાસ
મો. ૯૯૭૯૭૫૮૭૦૨
-: કન્વીનર મંદિર કમિટી :-
મહેશભાઈ દીક્ષિત
મો. ૯૯૯૮૪૮૫૯૩૯
: કન્વીનર છાત્રાલય કમિટી :
ભદ્રેશભાઈ પુરોહિત
મો. ૯૮૭૯૨૫૯૦૫૫
: વ્યવસ્થાપક છાત્રાલય :
રાકેશભાઈ પુરોહિત
મો. ૯૪૨૬૦૪૨૧૧૦
:કન્વીનર શિક્ષણ કમિટી:
નિલેશભાઈ શુકલ
મો. ૯૮૭૦૦૭૬૫૬૬
:કન્વીનર વેબસાઈટ કમિટી:
અપૂર્વ પંડ્યા
મો. ૯૭૨૭૭૧૯૬૪૩
-: ટ્રસ્ટી મંડળ :-
કૌશિકભાઈ અધ્વર્યુ
મો. ૯૮૭૯૫૧૯૧૬૩
યોગેશભાઈ પાઠક
મો. ૯૪૨૮૧૨૫૫૬૩
દિલીપભાઈ જોષી
મો. ૯૯૦૯૯૬૨૦૨૬
શૈલેષભાઈ વ્યાસ
મો. ૭૬૦૦૨૧૩૭૭૦
ભાર્ગવભાઈ જોષી
૯૪૨૬૩૬૭૦૧૯

## તંત્રી સ્થાનેથી ...

### શૈક્ષણિક કારકિર્દી માટે માર્ગદર્શન

વાલમ બ્રાહ્મણ જ્ઞાતિના યુવક યુવતીઓ માટે શિક્ષણ તેમજ કારકિર્દી માટે તેમજ નોકરી માટે યુપીએસસી, જીપીએસસી, બેન્કિંગ જેવા જુદા જુદા ક્ષેત્રમાં કારકિર્દી સંબંધિત માર્ગદર્શન માટે સેમિનારનું આયોજન કરવાનો વિચાર છે.

સદર સેમિનારમાં હાલમાં આ પ્રકારની નિષ્ણાંત સેવાઓ આપતા શ્રી મનીષભાઈ કે. દીક્ષિત (નિવૃત્ત મુખ્ય ઈજનેર અને અધિક સચિવ) પ્રવૃત્તિ સંચાલક તરીકે સેવા આપનાર છે. સાથે શ્રેયાર્થ યુનિવર્સિટીના ડાયરેક્ટર (એકેડેમિક્સ) શ્રી ડૉ. જયરાજ કે. પંડ્યા પણ સેવા આપનાર છે. આ ઉપરાંત પણ જ્ઞાતિના જે તજજ્ઞો આ પ્રકારની પરીક્ષાઓ પાસ કરેલ હોય અને સેવા આપવા ઈચ્છુક હોય તેઓએ સંચાલક શ્રી મનીષભાઈ દીક્ષિતનો સંપર્ક કરવા વિનંતી. ઉપરોક્ત બાબતે રસ ધરાવતા વિદ્યાર્થીઓ તેમજ તજજ્ઞ સેવા આપવા માંગતા જ્ઞાતિજનોને નીચે આપેલ ક્યુઆર કોડ દ્વારા વોટ્સએપ ગ્રુપમાં એડ થાય તેવી વિનંતી.

કાર્યક્રમના આયોજનની જાણ ગ્રુપમાં કરવામાં આવશે. સેમિનારમાં ભાગ લેવા ઉત્સુક ઉમેદવારો નીચે પ્રમાણેની વિગત લખીને કાર્યક્રમના સંચાલક શ્રી મનીષભાઈ કે. દીક્ષિતને વોટ્સએપ નં. ૯૯૨૪૧૦૩૦૬૦ ઉપર તા. ૨૦-૦૫-૨૫ સુધીમાં મોકલી આપવી.

**પરીક્ષા માટે તૈયારી કરવા માંગતા ઉમેદવારોની વિગત :**

(૧) ઉમેદવારનું નામ : (૨) જન્મતારીખ (૩) અભ્યાસ : (૪) હાલ નોકરી કરતા હોય તેની વિગત : (૫) સરકારી ક્ષેત્રમાં કઈ પરીક્ષાઓ માટે તૈયારી કરવા ઈચ્છો છો તેની વિગત :

**તજજ્ઞ તરીકે સેવા આપવા માંગતા જ્ઞાતિજનની વિગત :**

(૧) નામ : (૨) કયા ક્ષેત્રમાં અનુભવ છે ? (૩) કેટલા વર્ષનો અનુભવ (૪) જે તે સંસ્થા માટે કામ કર્યુ હોય તે સંસ્થાનું નામ (૫) કોઈ સ્પર્ધાત્મક પરીક્ષામાં સફળતા મેળવેલ હોય તો તેની વિગત (૬) અન્ય કોઈ માહિતી :

### અયોધ્યા કલાભૂષણ સન્માન એવોર્ડથી સન્માનિત



અયોધ્યા કલા સંસ્કૃતિ મહાકુંભ દરમ્યાન ગુજરાતના ચિત્રકાર ડૉ. હેમંત પંડ્યાએ તૈયાર કરેલા શ્રી રામ અને હનુમાનજીના ચિત્રો તૈયાર કર્યા તેને લઈને પદ્મશ્રી ડૉ. શ્યામ વિહારી અગ્રવાલના હસ્તે અયોધ્યા કલાભૂષણ સન્માન એવોર્ડથી સન્માનીત કરવામાં આવ્યા હતા.

# વાલ્મીક બ્રાહ્મણોત્પતિ

સંશોધન કરી પ્રસિદ્ધકર્તા : ઉપાધ્યાય પરશુરામ કૃષ્ણારામ વૈદ્ય, બુરહાનપુરવાળા

## वाल्मीक ब्राह्मणोत्पत्ति

### अथ वाल्मीक गोमित्रीयरव्यालय ब्राह्मणोत्पत्ति प्रकरणम् ।

### अथ वाल्मीकादि ब्राह्मणोत्पत्तिसारमाह ॥

पूर्व द्वादशगौडानां ब्राह्मणानां समुद्भवः । कायस्थसंयुतः प्रोक्तस्तन्मध्ये पंचमाश्रये ॥१॥
ते तु वाल्मीकका विप्राः कायस्थाः सेवकास्तथा । गोमित्रीयाश्च तत्रैव तेषां वक्ष्ये समुद्भवम् ॥२॥
पाद्मे पातालखंडे कायस्थोत्पत्तिप्रसंगे सूत उवाच –
कायस्थश्चित्रगुप्तस्तु ब्रह्मदेह समुद्भवः । तस्मै पितामहः पुत्रान् दत्तवान् द्वादशैव हि ॥३॥
तत्रवै पंचमं पुत्रं वाल्मीकाय ददावजः । गृहित्वा गतवान् सोपि ह्यर्बुदारण्यके शुभे ॥४॥
देशेर्बुदे महारम्ये वाल्मीकाश्रम संज्ञके । वाल्मीकेश्वरिका यत्र वर्तते जगदंबिका ॥५॥
वाल्मीकाश्चैव कायस्था वर्द्धितास्तदनंतरम् । वाल्मीकाश्चैव गुरवो ऋषीणां संप्रकल्पिताः ॥६॥
रक्त श्रृंगाश्च इत्येते पार्श्वे पश्चिमतः शुभे । योजनद्वयमाने तु दूरे तिष्ठंति चाश्रमे ॥७॥
तत्रैकदा च वाल्मीकी रामाल्लब्धधनो र्महान् । श्रीमद्रामसहायेन सर्वसंभार संवृतः ॥८॥
सरस्वत्यग्निकोणे तु कृत्वा स्थानमनुत्तमम् । उत्तमं मंडपं कृत्वा गौतमादीन् महामुनीन् ॥९॥
वाल्मीकिर्वरयामास ऋतुर्जातस्तथोत्तमः । तदंते शुशुभेतीव वाल्मीकिस्थानमुत्तमम् ॥१०॥
नवयोजनविस्तीर्णं प्रायतं चः त्रयोदश । यज्ञांते मुनिमुख्यानां दानार्थविहितं हितत् ॥११॥
वाल्मीकिमर्धुरैवाक्यैः प्रबद्धांजलिरब्रवीत् । अगस्त्यात्रे भरद्वाज कण्व च्यवन गौतम ॥१२॥
वसिष्ठ गर्ग ऋषभ हे गालव विशारद । ऋष्यश्रृंग तथा ध्यौम्य हे कश्यप महामते ॥१३॥
जमदग्नेऽ त्रिकुलज विश्वामित्र महातप । यूयं चान्ये च बहवो मम यज्ञेत्र संगता ॥१४॥
स्थान प्रतिष्ठाकरणं यथा मे सफलं भवेत् । एवं श्रृतवा मुनिवरास्तेत्यूचुस्तपो निधिम् ॥१५॥
सर्वे ते शिष्यलक्षैकमुत्तमा वेद वित्तमाः । तेषां विहितसंख्यानां गोत्राणि विमलानिच ॥१६॥
त्रयोदश शतान्युश्चैः संजातानि महात्मनाम् । पंचाशश्च सहस्त्राणि गोरक्षणनियोजिताः ॥१७॥
गोमित्रीयास्ते विज्ञेयाः सर्वदा विबुधोत्तमैः । अष्टौच चत्वारिशश्च ब्राह्मणानां सहस्त्रशः ॥१८॥
रव्यग्रे प्रेषिता ह्येते ते वै रव्यालयाः स्मृताः । तत्रावशेषिता ह्येते ब्रह्मणः पुरतः स्थिताः ॥१९॥
अध्वर्यु होतर्त्विक् चैव उग्द्राता द्वारपालकाः । वाल्मीकास्ते तु विज्ञेया विख्याता भुवनत्रये ॥२०॥
तेषां प्रवर गोत्राणि श्रृण्वंतु ऋषि सत्तमाः । भारद्वाजं च वशिष्ठं काश्यपं गार्ग्यमेव च ॥२१॥
आत्रेय गौतमं वत्सं कौडिन्यं भार्गवं तथा । मुद्गलं जमदग्निं चांगिरसं कुत्सकौतके ॥२२॥

विश्वामित्रं पुलस्त्यं चागस्त्यं शांडिल्यमेवच । एतानि ऋषि गोत्राणि सर्वाण्यष्टाद शैव हि ।।२३।।
वाल्मीकाय प्रदत्तानि धात्रा प्रेम प्लुतात्मने । वाशिष्ठं च वशिष्ठानां प्रवरस्त्वेक एव हि ।।२४।।
काश्यपध्रुववत्साराः काश्यप प्रवरा इमे । गार्ग्यस्यैते च विज्ञेया आत्रेयाणां वदाम्यहं ।।२५।।
आत्रेयस्तवार्चनानशशावा श्वश्चेति वै त्रयः । भार्गवच्यवनौर्वश्च जमदग्निश्च वत्सकः ।।२६।।
कात्ययनानां पंतैते प्रवराश्च भवंति हि । वसिष्ठ मैत्रावरुणकौंडिन्याश्चेति ते प्रथक् ।।२७।।
कौन्डिन्य प्रवरा ह्येते जमदग्नेर्वदाम्यहं । जमदर्ग्नि भार्गवश्च और्वश्चेति त्रयः स्मृताः ।।२८।।
भार्गवश्चनवश्चैव आतवांश्च तथैव च । आर्ष्टिषेणेपेनुश्चेति भार्गव प्रवरा इमे ।।२९।।
आंगिरश्च ब्राह्मयश्च मुद्गलश्च तथैव च । मुद्गलांगिरसानां च प्रवराश्चेति विश्रृताः ।।३०।।
मांधातांगिरसश्चैव कौत्सश्चेति त्रयः स्मृताः । विश्वामित्रो दैवतश्च देवश्रवस एव चं ।।३१।।
विश्वामित्रःसगोत्राणां प्रवराश्च इमे स्मृताः । विश्वामित्रः स्मरस्थो वार्धुलेति पृथक् पृथक् ।।३२।।
अगस्त्यस्य सगोत्राणां प्रवराश्च इमे स्मृताः । विचार्य गोत्रप्रवरं विवाहं चैव कारयेत् ।।३३।।
कृते सगोत्रप्रवरे गोत्रनाशा भवंति हि । एवंविधा द्विजा दिव्या वाल्मीका विश्रुताभुवि ।।३४।।
यजुर्वेदे च माध्याह्मयामेते कोकिलसंज्ञकाः । योजयामास पुरुषान् द्विज शुश्रूषणाय वै ।।३५।।
वाल्मीकिना पुराह्येते सर्वे ते कायजाः शुभाः । एकादशशतं साग्रा एकविंशास्तदुत्तराः ।।३६।।
लेखने कुंडकरणे यज्ञसंभार साधने । राजकार्ये च सेवायां वाल्मीकाः कायजाः स्मृताः ।।३७।।
पंचमो वर्णधर्मस्तु येषां धात्रा विनिर्मितः । प्रदत्तं द्विजवर्येभ्यो वाल्मीकिनामकं पुरम् ।।३८।।
भूमिशोधनकाले तु यदुक्तमृषिणा पुरा । शुद्धा वा यदि वा नैव हलेनैव विशोधयेत् ।।३९।।
तस्माद् हलहलेतीदं अभिधानं विदुर्जनाः । ते विप्राः कर्मकर्तारा धर्मकर्मार्थभूषिताः ।।४०।।
वाल्मीका इति विख्याताः सर्वे सत्त्वदयापराः । य इदं श्रृणुयान्नित्यं वाल्मीकाख्यानमुत्तमम् ।।४१।।
तस्य सर्वार्थ सिद्धिः स्याद्विप्रस्य विजितात्मनः ।।४२।।

इति श्री ब्राह्मणोत्पत्ति मार्तंडध्याये वाल्मीक गोमित्रीय रव्यालय ब्राह्मणोत्पत्तिवर्णनं नाम प्रकरणम् ।।

હવે વાલ્મીક (ઉર્ફે વાલમ) બ્રાહ્મણોની ઉત્પત્તિનો સાર કહે છે. પૂર્વે બાર પ્રકારના ગૌડ બ્રાહ્મણોની કાયસ્થો સાથે જે ઉત્પત્તિ કહી, તેમાં જે પાંચમા ગૌડ કહ્યા તે વાલ્મીક બ્રાહ્મણોની તથા તેમના સેવકો કાયસ્થોની અને ગોમિત્રીય બ્રાહ્મણોની ઉત્પત્તિ કહેવામાં આવે છે. (૧-૨)

પદ્મપુરાણના પાતાલખંડમાં કાયસ્થોની ઉત્પત્તિના પ્રસંગે સૂત પુરાણિક શૌનકાદિક મહર્ષિઓને કહેવા લાગ્યા કે કાયસ્થ ચિત્રગુપ્ત બ્રહ્મદેવના શરીરમાંથી ઉત્પન્ન થયા. બ્રહ્માજીએ તેને બાર પુત્રો આપ્યા. (૩) તેમાંથી પાંચમો પુત્ર વાલ્મીક ઋષિને આપવામાં આવ્યો. તેને લઈને વાલ્મીક મહર્ષિ શોભાયમાન આબુ ગઢ પર રહેલા વનમાં વાલ્મીકાશ્રમમાં જે ઠેકાણે વાલ્મીકેશ્વરિ નામની જગદંબાનું સ્થાન છે, ત્યાં ગયા. (૪-૫) પછી ત્યાં વાલ્મીક નામના કાયસ્થો અને બ્રાહ્મણો વૃદ્ધિ પામ્યા, વાલ્મીક નામના બ્રાહ્મણો ઋષિઓમાં શ્રેષ્ઠ ગણાવા લાગ્યા. (૬) તેઓ પાસેના લાલ

ટેકરીવાળા પર્વતના પશ્ચિમ ભાગમાં આઠ કોસ દૂરના એક આશ્રમમાં રહેતા હતા. (૭)

ત્યાં એક વખત રામચંદ્રજી પાસેથી જેમણે પુષ્કળ ધન મેળવેલું હતું, એવા વાલ્મીક મહર્ષિ રામચંદ્રજીની સહાયતાથી યજ્ઞની બધી સામગ્રી એકઠી કરીને સરસ્વતી નદીના અગ્નિ કોણમાં સારૂં સ્થાન પસંદ કરીને તેમાં યજ્ઞ કરવા માટે ઉત્તમ પ્રકારનો કુંડમંડપ તૈયાર કરાવીને ત્યાં ગૌતમાદિક મહર્ષિઓની વરૂણી કરવામાં આવી (૮-૯)

વાલ્મીક ઋષિએ ત્યાં ઉત્તમ પ્રકારનો યજ્ઞ કર્યો. તેથી વાલ્મીકિ મહર્ષિનું બાવન કોસ લાંબું છત્રીસ કોસ પહોળું તે સ્થાન ઘણું શોભાયમાન બન્યું. (૧૦) અને યજ્ઞ પૂરો થયા થયા પછી તે સ્થાન મુખ્ય મહર્ષિઓને અર્પણ કરવા માટે તેમણે નક્કી કર્યું. (૧૧) તેથી તેમણે (વાલ્મીકિ મહર્ષિએ) બે હાથ જોડી મધુર વાણીથી કહ્યું કે હે મહર્ષિઓ અગસ્ત, અત્રિ, ભરદ્વાજ, કણ્વ, ચ્યવન, ગૌતમ, વસિષ્ઠ, ગર્ગ, રૂષભ તથા હે ઋષિ ગાલવ, વિશારદ, રૂષ્યશૃંગ તથા ધૌમ્ય તેમજ હે બુદ્ધિમાન કાશ્યપ અને હે તપસ્વી જમદગ્નિ તથા વિશ્વામિત્ર વગેરે તમે તથા તમારી સાથેના બીજા બધા આ યજ્ઞમાં એકઠા થયા છે. (૧૨-૧૩-૧૪)

તો જેવી રીતે મારા સ્થાનની પ્રતિષ્ઠામાં વધારો થાય તેવી મારી ઈચ્છા સફળ કરો. તે સાંભળી તે મહર્ષિઓએ તથાસ્તુ એ પ્રમાણે શુભ વચન કહ્યું. (૧૫)

તે વખતે એ ઋષિઓના એક લાખ શિષ્યો હતા કે જેઓ વેદ જાણનારાઓમાં શ્રેષ્ઠ ગણાતા હતા. તે મહાશયોના ગોત્રની તેરસોની સંખ્યા હતી. પચાસ હજાર શિષ્યોને ગાયનું રક્ષણ કરવા માટે નિમવામાં આવ્યા, તે ગોમિત્રીય એમ કહેવાય. બીજા અડતાલીસ હજાર સૂર્ય નારાયણ તરફ મોકલવામાં આવ્યા, તેઓ રવ્યાલય બ્રાહ્મણ તરીકે ઓળખાયા. બાકી રહેલા બે હજાર બ્રાહ્મણોમાંથી કેટલાક અધ્વર્યુ, હોતાઓ, રૂત્વિજો, ઉદ્ગાતા અને દ્વારપાળ નિમાયા, તે ત્રણે લોકમાં વાલ્મીક બ્રાહ્મણના નામથી પ્રસિદ્ધ થયા. (૧૬-૧૭-૧૮-૧૯-૨૦)

આ વાલ્મીક બ્રાહ્મણોના ગોત્ર પ્રવરનો નિર્ણય આગળ આપેલા કોષ્ટકમાં ખુલાસાથી જણાવેલો છે. (૨૧-૩૨). એ ગોત્ર પ્રવરનો વિચાર કરીને વિવાહ સંબંધ કરવો જોઈએ, કેમકે જો એક ગોત્ર પ્રવરમાં વિવાહ કરવામાં આવે તો વંશનો વિચ્છેદ થાય છે.

આ પ્રમાણે વાલ્મીક બ્રાહ્મણો જગતમાં પ્રસિદ્ધિને પામ્યા આ બ્રાહ્મણોની શુક્લ યજુર્વેદમાં માધ્યંદિનિ શાખા છે અને કોકિલ એવી સંજ્ઞા પણ છે. વાલ્મીક મહર્ષિએ આ બ્રાહ્મણોની સેવા માટે એક હજાર એકસો એકવીસ (૧૧૨૧) કાયસ્થોની નિમણુંક કરી. (૨૨-૩૬), જેઓ લખવામાં, કુંડ કરવામાં, યજ્ઞની સામગ્રી સંપાદન કરવામાં, રાજકારભાર કરવામાં અને નોકરી કરવામાં ઘણા કુશળ હતા. તેઓ કાયસ્થ એ નામથી ઓળખાયા અને બ્રહ્મદેવે તેમનો પાંચમો વર્ણધર્મ નિર્માણ કરેલો છે.

આ શ્રેષ્ઠ બ્રાહ્મણોને વાલ્મીકિ મહર્ષિએ વાલ્મીક નામનું નગર આપ્યું.

યજ્ઞમંડપની શરૂઆતમાં ભૂમિશોધનના સમયે ભૂમિ શુદ્ધ હોય કે ન હોય, પરંતુ તેને હળથી જ શુદ્ધ કરવી જોઈએ એમ મહર્ષિએ તેમને કહેલું તેથી આ બ્રાહ્મણો હલહલના નામથી પણ ઓળખાય છે. આ બ્રાહ્મણો સત્કર્મ કરનારા, ધર્મકર્મથી શોભનારા અને સત્વગુણી તથા પ્રાણીમાત્ર પર દયા રાખનારા હોઈને પ્રસિદ્ધિ પામ્યા.

આ વાલ્મીકિ મહર્ષિનું આખ્યાન (વાલ્મીકાખ્યાન) જે અનેક આખ્યાનોમાં ઉત્તમ છે તે જે કોઈ સાંભળે છે તેના બધા મનોરથ પૂરા થાય છે.

વિશેષ નોંધ : (૧) અચલગઢમાં વાલ્મીકેશ્વર મહાદેવનું સ્થાન છે એવી માન્યતા છે. (૨) **आस्पदः (अवटंक अटक) प्रतिष्ठायाम** (૩) **प्रवरंच गोत्र प्रवर्तकस्य मुनेः व्यावर्तक मुनिगण इति माधवाचार्याः** (૪) **प्रव्रियन्ते अनिर्विषशेषणत्वेन उत्कीर्त्यति इति प्रवराः**

| संख्या | गोत्र | प्रवर | संख्या | गोत्र | प्रवर |
|---|---|---|---|---|---|
| १ | भारद्वाज | | ११ | जमदग्नि | जमदग्नि भार्गव और्व |
| २ | वसिष्ठ | वशिष्ठ | १२ | आंगिरस | आंगिरस ब्राह्मय मुद्गल |
| ३ | कश्यप | काश्यपवत्स ध्रुवाः | १३ | कुत्स | मांधाता आंगिरस कौत्स |
| ४ | गार्ग्य | काश्यव वत्सध्रुवाः | १४ | कौशिक | |
| ५ | गौतम | | १५ | विश्वामित्र | विश्वामित्र दैवत दैदश्रवस |
| ६ | वत्स | | १६ | पुलस्त्य अगस्ति | विश्वामित्र स्मररथवार्धूल |
| ८ | कौडिन्य | वसिष्ठमैत्रावरुण कौडिन्याः | १८ | शांडिल्य | |
| ९ | भार्गव | भाग्रव च्यवन आत्मवान् अर्ष्टिषेण अनुपेक्षा | १९ | कात्यायन | भार्गव च्यवन और्व जमदग्नि वत्स |
| १० | मुद्गल | आंगिरस ब्राह्मय मुद्गल | २० | उपमन्यु | वासिष्ठ, एंद्र, प्रमद आमर द्वसव्य ग्रन्थान्तरेषूट उपमन्युगोत्रस्यत्रिप्रवरः |

## સૂચના

શ્લોકમાં વાલ્મીક બ્રાહ્મણ ગોડ લખ્યા છે, તે ખરૂં છે. પણ સેંકડો વર્ષથી વાલ્મીક બ્રાહ્મણ વિધ્યપર્વતની દક્ષિણ તરફ વસે છે. તેથી તે સાંપ્રત દ્રવિડ છે એમ માન્યતા છે. કારણ વિંધ્ય ઉત્તર વાસિના ગૌડ તથા વિંધ્ય દક્ષિણ વાસિના દ્રવિડ એમ જગદ્ગુરૂ શંકરાચાર્યનું વિધાન છે.

## વાલમ વર્તમાનમાં મેટરના દર

| | | | |
|---|---|---|---|
| શ્રધ્ધાંજલિ (૧/૨ પાનું) | રૂા. ૭૫૦/- | અન્ય મેટર ૧ પાનાના | રૂા. ૨૦૦૦/- |
| શ્રધ્ધાંજલિ (૧ પાનું) | રૂા. ૧૫૦૦/- | (વધુમાં વધુ બે પાનાની મર્યાદામાં) | |
| અન્ય મેટર (૧/૮ પાનું) | રૂા. ૩૦૦/- | પટ્ટી જાહેરાત - ૧૨ અંકના | રૂા. ૩૦૦૦/- |

## પૂનમ ગ્રુપ દ્વારા હવન તેમજ અન્નકૂટનું આયોજન


ચૈત્ર સુદ આઠમ તા. ૫-૪-૨૦૨૫ને શનિવારના રોજ વલ્લભીપુર, કુળદેવી વાઘેશ્વરી માતાજીના મંદિરે પૂનમ ભરતા ગ્રુપ દ્વારા દર વર્ષની જેમ હવન તેમજ અન્નકૂટનું આયોજન કરવામાં આવેલ. હવનમાં પૂજામાં સોહમભાઈ રાવલ અને મૈત્રીબેન (પંકજભાઈ પાઠક, જામનગરની સુપુત્રી) તથા મનીષભાઈ શશીકાંત આચાર્ય અને દીનાબેન (હાલ યુ.કે.)એ લાભ લીધેલ. તથા મંદિરના તમામ ભગવાનના વાઘા અર્પણ કરેલ. અન્નકૂટના સહયોગી સર્વ શ્રી નૈનેશભાઈ તથા બ્રિજેશભાઈ પ્રમોદરાય આચાર્ય, સુરભીબેન વિજયભાઈ આચાર્ય અને વિજયભાઈ ભાસ્કરભાઈ જોષી રહેલ. જ્યારે હવનમાં ગ્રુપના સભ્યો સર્વશ્રી બાલમુકુંદ આચાર્ય (પૂર્વ પ્રમુખ), પ્રમુખશ્રી રશ્મિકાંત આચાર્ય, શ્રી પ્રમોદભાઈ આચાર્ય, શ્રી વિરેન્દ્રભાઈ આચાર્ય, શ્રી વિજયભાઈ આચાર્ય, શ્રી સૂર્યકાંત ભટ્ટ, ખજાનચી શ્રી ભરત ભટ્ટ, ટ્રસ્ટી શ્રી યોગેશભાઈ પાઠક, શ્રી સતિષભાઈ દીક્ષિત, શ્રી મહેશભાઈ દીક્ષિત, શ્રી હર્ષદભાઈ દીક્ષિતે યથાયોગ્ય સહયોગ આપેલ. પૂર્ણાહુતિ બાદ સૌ માતાજીના ચરણોમાં વંદન કરી મહાપ્રસાદ લઈ છૂટા પડેલ. પૂજારી શ્રી જનકભાઈ વ્યાસે સ્થાનિક વ્યવસ્થા સંભાળેલ. જ્યારે આચાર્ય પદે રાજુભાઈ આચાર્યએ વિધિ સંપન્ન કરેલ.

ૐ સાંઈરામ

# ચતુર્થ પૂણ્યતિથિએ હાર્દિક શ્રદ્ધાંજલી

## અ.સૌ. કશ્મિરા પ્રકાશભાઈ વ્યાસ

જન્મ તા.
૦૬-૦૬-૧૯૫૦



સ્વર્ગવાસ તા.
૦૯-૦૫-૨૦૨૧
(ચૈત્ર વદ તેરસ)

અમદાવાદ નિવાસી અ.સૌ. કાશ્મિરાબેન પ્રકાશભાઈ વ્યાસ તે પ્રકાશભાઈ ભોળાશંકર વ્યાસના ધર્મપત્ની તથા પુર્વાબેન રોનકભાઈ ધોરા અને ચિરંજીતભાઈ પ્રકાશભાઈ વ્યાસ તથા અ.સૌ. હેતલબેન ચિરંજીત વ્યાસ (પુત્રવધુ)ના માતુશ્રી તથા કન્હાઈ, શૈવી અને શ્લોકના નાની તથા દાદી.

આપણા પરિણીત જીવનની શુભ શરૂઆત ૧૯૬૯થી થઈ અને સંસારીક જીવનમાં સહકાર, સંયુકત કુટુંબમાં પ.પૂજ્ય બાપુજી રતિકુમારભાઈ તથા પ.પૂજ્ય ચંદ્રિકાબાની છત્રછાયા હેઠળ રહી લગભગ ૫૧ વર્ષ સાથે ગૃહસ્થજીવન માણ્યું અને આ જીવનનો અચાનક અંત આવ્યો તે સૌથી વિશેષ અસહ્ય રહ્યું. અંગત રીતે અને સંતાનો માટે..

સંયુકત પરિવારની મુખ્ય ભાવના - ચાલશે, ફાવશે, ગમશે ને સૌ વળગી રહ્યા. બેંકની નોકરી હોવાથી ધાર્મિક યાત્રાઓ અમરનાથ, વૈષ્ણોદેવી, ૧૨ જ્યોર્તિલીંગ, ચારધામ, તિરૂપતિ બાલાજી, ગંગાસાગર, કુંભસ્નાન અને સૌથી શિરમોર યાત્રા કૈલાસ માનસરોવર તમારા અને સંતાનોના પ્રોત્સાહન, સહકારથી શક્ય બની. તમારી નાજુક તબિયત રહેતી હોવા છતાં આ યાત્રાઓ ગુરૂકૃપા, કુળદેવી માતાજી તથા દિવંગત વડીલોના આશીર્વાદથી શક્ય બની.

કશ્મિરા તને અમારી સહૃદય શ્રદ્ધાંજલી.

- પ્રકાશ વ્યાસ

---

**શ્રી સાંઈરામ ઈન્વેસ્ટમાર્ટ પ્રા.લી.**
**૯૮૨૫૦-૨૪૮૭૭, ૦૭૯-૪૦૦૨૫૨૦૭, ૯૯૦૯૦૦૫૦૦૬**

# શ્રદ્ધાંજલી

## સ્વ. જ્યોતિબેન જશવંતભાઈ વ્યાસ

વસો - વડોદરા - ન્યુજર્સી, યુએસએ

જન્મ તા.
૧૨-૦૯-૧૯૪૩



દેહવિલય તા.
૨૫-૦૩-૨૦૨૫

પ્રભુના એ પ્રેમ તણી પૂતળી રે લોલ.... જગથી જુદેરી એની જાત જો...
જનની ની જોડ સખી નહીં જડે રે લોલ...
અમી ભરેલ એની આંખડી રે લોલ, વ્હાલ ભર્યા છે એના વેણ જો...
જનની ની જોડ સખી નહીં જડે રે લોલ...

તમે અમને છોડીને ચાલ્યા ગયા પણ હરઘડી, હરક્ષણ આપની હાજરીનો આભાસ લાગ્યા કરે છે. દરેક પ્રસંગે આપની ખોટ વર્તાશે. પળભરમાં છેતરી ગયા... રડી પડે છે આંખો અમારી.... ધન્ય છે જીવન અમારું કે અમને જીવન જીવતા શિખવી ગયા...

આપનો લાગણીશીલ સ્વભાવ અને હસતો ચહેરો હરહંમેશ યાદ રહેશે...
હે પ્રેમાળ માતા, અમે સૌ સંતાનો આપના દિવંગત આત્માને અશ્રુભીની હૃદયાંજલિ અર્પણ કરીએ છીએ.

ૐ શાંતિ : શાંતિઃ શાંતિઃ

લિ.
સોનલ - શિશિરભાઈ પુરોહિત
જીજ્ઞા - જૈમિનભાઈ પંડ્યા
અમી - પ્રજ્ઞેશભાઈ ભટ્ટ
પાર્થ, યશ, મિતવા, કુશ, વિધી, દિપલ
તથા સમગ્ર વ્યાસ અને મહેતા પરિવારના જયશ્રી કૃષ્ણ

## જ્ઞાતિ સમાચાર

**પુત્રજન્મના વધામણાં :** લીમખેડાના શ્રી ઉત્તમભાઈ અતુલભાઈ પુરોહિત અને અ.સૌ. રેખાબેન ને ત્યાં પુત્રરત્ન ચિ. હરિશ્વનો તા. ૬-૪-૨૫, રામનવમીને દિવસે જન્મ થયેલ છે. પરિવાર અને માતા-પિતાને પુત્રજન્મના વધામણાં.

**યજ્ઞોપવિત સંસ્કાર :** ભૂ.પૂ. કાર્યાલય મંત્રી શ્રી કૌશિકભાઈ ગુણવંતલાલ આચાર્ય તથા અ.સૌ. ગીતાબેનના પૌત્રો ચિ. શ્રેયાંશ તથા ચિ. ક્રિશીવ (ઉજ્જવલભાઈ તથા અ.સૌ. એકતાબેનના સુપુત્રો)ના યજ્ઞોપવિત સંસ્કાર તા. ૧૪-૦૪-૨૦૨૫ના રોજ સંપન્ન થયેલ છે.


### અભિનંદન - જ્ઞાતિ ગૌરવ



મૂળ વસો હાલ યુએસએ ના ૬૯ વર્ષીય મિકેનીકલ એન્જીનીયર શ્રી અશ્વિનકુમાર ચીનુભાઈ ભટ્ટ, ટેકનોલોજીને લગતી ૨૯ જેટલી શોધો કરી તેની પેટન્ટ મેળવેલ છે જે અભિનંદનીય છે. આટલી સંખ્યામાં શોધોની પેટન્ટ મેળવનાર તેઓ અવ્વલ વાલમ હશે. તેમની આ વિશાળ શ્રેણીની શોધો સેટેલાઈટ, આર્ટિફિશિયલ ઈન્ટેલીજન્સ, મોબાઈલ ફોન, સુપર કમ્પ્યુટર, સ્પેસ મિશન, સબમરીન, ઓટોમોબાઈલ, પેટ્રોલિયમ અને કૉન્ટમ કમ્પ્યુટીંગ ક્ષેત્રના વિવિધ ઔદ્યોગિક એકમો માટે ઉપયોગી છે. હાલમાં તેઓ ડિફેન્સ કંપનીમાં સેવાઓ આપે છે.

તેઓની આ સફળ અને ઉદાહરણરૂપ વ્યવસાયિક કારકિર્દીમાં તેમના ધર્મપત્ની હિતેશ્વરીબેનનો સાથ સહકાર નોંધનીય છે. જ્ઞાતિ ગૌરવ અશ્વિનભાઈને અભિનંદન સહ શુભેચ્છાઓ....



Student Visa/PR
DHAVAL JOSHI
(Visa Expert)
+91 9725676019
Reach us to Reach Abroad



NVM
SYNERGY
*We Make Things Possible*



**નવચેતન ઈન્ટરનેશનલ ઈવેન્ટ એરેન્જર**
લગ્નગીત, ગરબા, મહેંદી ગીત, મહેંદી ડિઝાઈન, સંગીત સંધ્યા, ફંડ રેઈઝ કાર્યક્રમ, માઠા પ્રસંગે ભજન સંધ્યા, કેરીઓકે ઉપર તેમજ લાઈવ એન્કર – ફીમેલ સીંગર / મેલ સીંગર તેમજ
**એક યાદ રફી કે બાદ - બંકીમ પાઠક : સંપર્ક : ૯૮૨૪૦ ૯૮૮૪૮, ૯૮૨૪૦ ૯૮૮૫૮**
**જીવનના દરેક પ્રસંગને યાદગાર બનાવવા અમદાવાદ તથા ગુજરાતના કોઈપણ શહેર-ગામમાં કાર્યક્રમ માટે સંપર્ક કરો.**

## મહામંડળ કાર્યાલયે આવેલ ભેટની યાદી

૫૦૦ યોગેન્દ્ર એમ. જોષી, ગોંડલ જ્ઞાતિમં પ્રમુખ થયા તે નિમિત્તે વા.વ. સહાય, ૧૭૮૯૫
૫૦૦૦ શ્રી ચરોતર વાલમ વિદ્યોત્તેજક મંડળ, વા.વ. સહાય, ૧૭૮૯૬
૫૦૦૧ વત્સલ સુરેશચંદ્ર આચાર્ય, અન્ય ફંડ, સ્વ. સુલોચનાબેન સુરેશચંદ્રનો ફોટો મા વાઘેશ્વરીના મંદિરના હોલમાં મૂકવા માટે, ૧૭૮૯૭
૨૦૦૦ અશોકભાઈ પાણેરી, વા.વ. સહાય, ૧૭૮૯૮
૫૦૦ અશોકભાઈ પાણેરી, વા.વ. સહાય, ૧૭૮૯૯
૫૦૧ સરોજબેન ભટ્ટ, કુળદેવી ભેટ, પૌત્ર ચિ. આગમના લગ્ન પ્રસંગે કુળદેવી માતાજીના ચરણ કમળમાં, ૧૭૯૦૦
૧૦૦૦૦ જીતેશ નટવરલાલ પંડ્યા, અન્ય ફંડ, સ્વ. નટવરલાલ (સનતભાઈ) રતિલાલ પંડ્યા અને સ્વ. મંજુલાબેન નટવરલાલ પંડ્યાના ફોટા મા વાઘેશ્વરીના મંદિરના હોલમાં મૂકવા માટે, ૧૭૯૦૧
૧૦૧ વ્રજ નિલેશ ઉપાધ્યાય, કુળદેવી ભેટ, ૧૭૯૦૨
૧૦૦૦ એક સદ્‌ગૃહસ્થ તરફથી, કુળદેવી ભેટ, ૧૭૯૦૩
૩૬૫ કીર્તન રાજેન્દ્ર દીક્ષિત, પુનિત સ્મારક નિધી, જન્મદિવસ નિમિત્તે, ૧૭૯૦૪
૫૦૦૦ આનંદ અશ્વિનભાઈ આચાર્ય, અન્ય ફંડ, સ્વ. અશ્વિનભાઈ હરીલાલ આચાર્ય નો ફોટો મા વાઘેશ્વરીના મંદિરના હોલમાં મૂકવા માટે, ૧૭૯૦૫
૧૦૦૦૦ મૌલિક ત્રંબકલાલ આચાર્ય, અન્ય ફંડ, સ્વ. ત્રંબકલાલ હરીલાલ આચાર્ય અને સ્વ. રંજનબેન ત્રંબકલાલ આચાર્યના ફોટા મા વાઘેશ્વરીના મંદિરના હોલમાં મૂકવા માટે, ૧૭૯૦૬
૫૦૧ પ્રમોદભાઈ ન. આચાર્ય, વા.વ. સહાય, પૂનમ સમૂહ તરફથી વાઘેશ્વરી મંદિરમાં ચૈત્રી હવનની વિગત વા.વ.માં છાપવા માટે, ૧૭૯૦૭
૨૫૦ કૌશિકભાઈ આચાર્ય, વા.વ. સહાય, ઉજ્જવલના પુત્રો ચિ. શ્રેયાંશ તથા ચિ. ક્રિશિવની યજ્ઞોપવિત પ્રસંગે, ૧૭૯૦૮

## વાઘેશ્વરી માતાજીના મંદિર, વલ્લભીપુર આવેલ ભેટ તથા વસ્તુ ની યાદી

૨૧૫૦ જૈન સંઘ ઉતારો, હસ્તે મનીષ શાહ, ૧૫૧૧
૫૦૦ પર્વ સિદ્ધાર્થ વૈદ્ય, હસ્તે માનસી વૈદ્ય, ૧૫૧૨
૫૦૦ શ્રદ્ધાબેન પિયુષભાઈ દીક્ષિત, ૧૫૧૩
૩૪૮૦ વિશ્વકર્મા પ્લાઈવુડ, સુથાર મિટીંગ, ૧૫૧૪
૨૫૦ ઉજ્જવલ કૌશિકભાઈ આચાર્ય, ૧૫૧૫
૨૦૦ પ્રમોદરાય નર્મદાશંકર આચાર્ય, ૧૫૧૬
૨૫૦ મહેશભાઈ જયંતિશંકર ભટ્ટ, ૧૫૧૭
૨૦૦ ક્રિશીવ આકાશ આચાર્ય, ૧૫૧૮
૨૦૦ પ્રતિભાબેન નિરંજનભાઈ મહેતા, ૧૫૧૯
૫૦૦ શિવાંગ યોગેશભાઈ પાઠક, ૧૫૨૦
૨૦૦ ઋષિ ભરતભાઈ આચાર્ય, ૧૫૨૧
૧૦૦ વેદિકા અમિત આચાર્ય, ૧૫૨૨
૧૦૦ દર્શ નિશાંત આચાર્ય, ૧૫૨૩
૨૦૦ રશ્મિભાઈ કે. આચાર્ય, ૧૫૨૪
૨૦૦ દિલીપભાઈ દીક્ષિત, ૧૫૨૫
૫૦૦ ઉમેશભાઈ ગુણવંતરાય આચાર્ય, ૧૫૨૬
૫૦૦ ધર્મીન નંદકિશોરભાઈ અધ્વર્યુ, ૧૫૨૭
૨૫૦ વિજયભાઈ જી. આચાર્ય, ૧૫૨૮
૫૦૦ વિનોદભાઈ ડાહ્યાભાઈ આચાર્ય, ૧૫૨૯

| | |
|---|---|
| ૨૦૦ | ભરત રમણિકલાલ ભટ્ટ, ૧૫૩૦ |
| ૫૦૦ | કૃષ્ણકાંત કે. ભટ્ટ, ૧૫૩૧ |
| ૨૦૦૦ | પંકજભાઈ પી. પાઠક, ૧૫૩૨ |
| ૨૫૦ | હિતેશભાઈ ગજાનનભાઈ ભટ્ટ, ૧૫૩૩ |
| ૨૫૦ | ભાઈલાલભાઈ નર્મદાશંકર ભટ્ટ, ૧૫૩૪ |
| ૧૦૦૦ | જાગૃતિ દેવેન્દ્ર આચાર્ય, અર્પિત દેવેન્દ્ર આચાર્ય, ૧૫૩૫ |
| ૧૦૦ | પાર્થ નયનભાઈ આચાર્ય, ૧૫૩૬ |
| ૨૫૦ | જનકભાઈ દિનકરભાઈ પાઠક, ૧૫૩૭ |
| ૫૦૦ | દિપકભાઈ દિનકરભાઈ પાઠક, ૧૫૩૮, ચિ. મિતુલના લગ્નપ્રસંગે માતાજીના ચરણોમાં ભેટ |
| ૧૨૧૦ | હિતેશભાઈ પંડ્યા, કેનેડા, ૧૫૩૯ |
| ૫૦૦ | ગીતાબેન મહેતા, હાથીજણ, ૧૫૪૦ |
| ૧૦૦ | કિરીટકુમાર દીક્ષિત, ૧૫૪૧ |
| ૨૦૦ | અંકુરભાઈ ડાહ્યાભાઈ આચાર્ય, ૧૫૪૨ |
| ૧૦૦૦ | ધ્વની કમલેશભાઈ ભટ્ટ, કેનેડા, ૧૫૪૩ |
| ૨૦૦ | બાલકૃષ્ણભાઈ નર્મદાશંકર અધ્વર્યુ, ૧૫૪૪ |

**તાજેતરમાં અવસાન પામેલ નીચેના સ્વજનોના આત્માની શાંતિ માટે પ્રાર્થના સહ શ્રદ્ધાંજલિ**

- ★ યુકે : દમયંતીબેન રમેશચંદ્ર આચાર્ય
- ★ યુકે : ઉમાકાંત ગીરજાશંકર જોષી
- ★ યુકે : હીરાબેન નર્મદાશંકર ગોર
- ★ મુંબઈ : ઈન્દીરાબેન રમણીકલાલ જોષી
- ★ રાજકોટ : દર્શનાબેન હેમંતકુમાર વ્યાસ
- ★ વડોદરા : હસમુખભાઈ જયંતિલાલ ભટ્ટ
- ★ સોજીત્રા : સાવિત્રીબેન ભૂપેન્દ્રભાઈ ભટ્ટ

મધુવન ફાર્મ પાર્ટી પ્લોટ
શુભ લગ્ન પ્રસંગે, રીસેપ્શન, બર્થ ડે પાર્ટી, સગાઈ વિધી, કોર્પોરેટ પાર્ટી, ઈવેન્ટ માટે
વિશાળ પાર્કિંગની સુવિધા સાથે પાર્ટીપ્લોટ ભાડે મળશે.
ચારધામ મંદિર સામે, પૂનમપૂરા પાટિયા, નેનપુર ચાર રસ્તા પાસે, ગામ સણસોલી, મહેમદાવાદ રોડ, મહેમદાવાદ, જી.ખેડા
બુકીંગ માટે (M) 9898946136/9879187484

કાઠીયાવાડનો સ્વાદ હવે આપના દરવાજે...
કાઠીયાવાડી । પંજાબી । ચાઈનીઝ
પાર્સલ સુવિધા ઉપલબ્ધ
ઓર્ડર માટે : (M) 9558811479

કાઠીયાવાડી ઢાબા
૧૦,૧૧,૧૨, અક્ષરધામ રેસીડેન્સી, ડી-માર્ટ પાસે, નિકોલ-હરીદર્શન રોડ, નવા નરોડા, અમદાવાદ-૩૮૦૦૪૯.

મહેન્દ્રભાઈ પટેલ (M) 9428602603 / 9376138611
ન્યુ સાવલીયા ડેકોરેટર્સ એન્ડ હાયરર્સ
મધુલતા સાંસ્કૃતિક હોલ, વાસણાના ડેકોરેશન કોન્ટ્રાક્ટર
શુભ પ્રસંગે રસોઈના વાસણ, ટેબલ, ખુરશી, મંડપ તથા ગાદી ભાડે આપનાર
૩, વિજયંત શોપ્સ એપાર્ટમેન્ટ, ઈડન ગાર્ડન સામે, બંસીધર સોસાયટીની બાજુમાં, વાસણા, અમદાવાદ-૩૮૦૦૦૭.

શ્રી પ્રકાશભાઈ બી. વ્યાસ અને શ્રી ચિરંજીતભાઈ વ્યાસ અને પરિવારના જયશ્રી સાંઈરામ

SAI FINANCIAL SERVICES
SHREE SAIRAM CONSULTANCY PVT. LTD.
SHREE SAIRAM INVESTMART PVT. LTD.
401, 404, 405, Sur Sarthi Complex, Nr. Ambawadi Circle, Ahmedabad-380006.
Phone : (O) 079-40025207 (M) 98250 24877


## તિથિદાન

**વૈશાખ સુદ ૧૪ થી જેઠ સુદ ૧૩ (તા. ૧૧-૦૫-૨૦૨૫ થી ૧૦-૦૬-૨૦૨૫) સુધી**

સ્વ. વાસંતીબેન કૃષ્ણકાંત આચાર્યની સ્મૃતિમાં ચાલુ માસની બાકી રહેતી તિથીઓ માટે પૂજા,થાળ, અર્ચન

**વૈશાખ સુદ ૧૪**
કાંતાબેન રમણીકલાલ ભટ્ટ
કિરણકુમાર જટાશંકર અધ્વર્યુ
અનસુયાબેન શરદચંદ્ર પંડ્યા

**વૈશાખ સુદ ૧૫**
ચંદ્રવદન રતિલાલ પંડ્યા
મહેન્દ્રપ્રસાદ દેવશંકર પુરોહિત
રક્ષાબેન પ્રદિપભાઈ ખેતીયા
રવિશંકર કરશનજી મહેતા
કિરીટભાઈ ચીમનલાલ ઉપાધ્યાય

**વૈશાખ વદ ૧**
નિવેદિતાબેન અંબાલાલ આચાર્ય
મીનાક્ષીબેન બી. અધ્વર્યુ

**વૈશાખ વદ ૨**
ભાનુમતિબેન નર્મદાશંકર આચાર્ય
પાર્વતીબેન બેચરભાઈ ઉપાધ્યાય

**વૈશાખ વદ ૩**
રતિકુમાર ભોળાશંકર વ્યાસ

**વૈશાખ વદ ૪**
અરવિંદકુમાર મણીશંકર ઉપાધ્યાય
નિરંજનભાઈ શિવશંકર મહેતા
યોગીનીબેન કાન્તીલાલ શુકલ
વિનાયક નર્મદાશંકર મહેતા

**વૈશાખ વદ ૫**
પ્રભાવતીબેન લજ્જાશંકર અધ્વર્યુ
શાંતિલાલ મુળજીભાઈ ઉપાધ્યાય
રતિલાલ ઉત્તમરામ આચાર્ય
મધુબેન નાથાલાલ જોષી

**વૈશાખ વદ ૬**
અંબાલાલ નર્મદાશંકર આચાર્ય
કનકરાય નાગરદાસ ભટ્ટ

**વૈશાખ વદ ૭**
કુસુમબેન ગજેન્દ્રભાઈ અધ્વર્યુ

**વૈશાખ વદ ૮**
ચંદ્રીકાબેન ચંદ્રવદન દિક્ષીત
મધુકરભાઈ કાંતિલાલ ઉપાધ્યાય

**વૈશાખ વદ ૯**
કમળાબેન પિતાંબરદાસ મહેતા
રોહિતભાઈ ભગવતભાઈ આચાર્ય
ઉર્મિલાબેન કનૈયાલાલ જોષી
દિલીપકુમાર લક્ષ્મીશંકર ભટ્ટ
પ્રિતીબેન જીગરભાઈ વ્યાસ

**વૈશાખ વદ ૧૦**
રાજુભાઈ રમેશભાઈ ઉપાધ્યાય
શૈલેષભાઈ રતિલાલ પંડ્યા
ભૂષણ ભગવતપ્રસાદ આચાર્ય
રાજેશભાઈ વિષ્ણુપ્રસાદ પાઠક
હિરલબેન અભિષેક પાઠક

**વૈશાખ વદ ૧૧**
સમજુબેન અંબાશંકર અધ્વર્યુ
મોહનલાલ કરશનજી મહેતા

**વૈશાખ વદ ૧૨**
રૂક્ષ્મણીબેન બાલાશંકર પંડ્યા
જયવંતીબેન રસીકલાલ જોષી

**વૈશાખ વદ ૧૩**
મધુકાંતાબેન ભોગીલાલ દિક્ષીત
અરૂણભાઈ હરિલાલ ઉપાધ્યાય
ડૉ. વિનુભાઈ નૌતમલાલ જોષી

**વૈશાખ વદ ૧૪**
હરિલાલ મયારામ ઉપાધ્યાય
બળદેવપ્રસાદ અમૃતલાલ મહેતા

**વૈશાખ વદ અમાસ**
લલીતાબેન શીવશંકર અધ્વર્યુ
ગંગાબેન ખંડુભાઈ આચાર્ય
તરૂલત્તાબેન મહેન્દ્રભાઈ ઠાકર

**જેઠ સુદ ૧**
ચંચળબા ઉમિયાશંકર પંડ્યા
મહેન્દ્રપ્રસાદ રતિલાલ પંડ્યા
નવનીતલાલ ભોળાશંકર વ્યાસ
મયુરીબેન નાથાલાલ જોષી
પુષ્પાબેન નટવરલાલ ભટ્ટ
હરગૌરીબેન લજ્જાશંકર અધ્વર્યુ

**જેઠ સુદ ૨**
રમેશચંદ્ર ભોગીલાલ વ્યાસ

**જેઠ સુદ ૩**
રામકૃષ્ણ જેશંકર ભટ્ટ
કાંતાબેન હરિલાલ વ્યાસ
લાલશંકર ક્રિપાશંકર ઉપાધ્યાય

**જેઠ સુદ ૪**
નરેન્દ્ર મણીશંકર ભટ્ટ
અંબાશંકર રતિલાલ આચાર્ય
લલીતભાઈ ગીરજાશંકર વ્યાસ
સમજુબેન ગીરજાશંકર વ્યાસ

**જેઠ સુદ ૫**

લલીતાબેન અંબાશંકર આચાર્ય
લતાબેન પ્રવિણચંદ્ર અધ્વર્યુ
<u>જેઠ સુદ ૬</u>
વિજયાબેન પોપટલાલ ઉપાધ્યાય
<u>જેઠ સુદ ૭</u>
જયાબેન પ્રવિણચંદ્ર ઠાકર
શાંતાબેન ગીરધરલાલ ઉપાધ્યાય
હરિલાલ કાનજીભાઈ વ્યાસ
<u>જેઠ સુદ ૮</u>
ધ્રુમીન બિપીનચંદ્ર પાઠક
દયાશંકર રેવાશંકર શાસ્ત્રી
અનસુયાબેન ગૌરીશંકર મહેતા
અનસુયાબેન નર્મદાશંકર આચાર્ય
ચંદ્રિકાબેન રતિકુમાર વ્યાસ
ભાનુમતિબેન બાલકૃષ્ણ પુરોહિત
સૂર્યકળાબેન સતિષચંદ્ર પુરોહિત

**જેઠ સુદ ૯**
વિષ્ણુપ્રસાદ કૃષ્ણદેવ આચાર્ય
લીલાબેન કૃષ્ણકુમાર જોષી
મનહરલાલ (મનુભાઈ)
હરગોવિંદદાસ જોષી
**જેઠ સુદ ૧૦**
ગીરજાશંકર મોહનલાલ દિક્ષીત
શાંતાબેન ગૌરીશંકર વ્યાસ
રમાગૌરી લાભશંકર વ્યાસ
**જેઠ સુદ ૧૧**
ચંદુબા પ્રમોદરાય આચાર્ય
વિદ્યાબેન પરમાનંદદાસ અધ્વર્યુ
શાંતિલાલ ગંગાશંકર ગોર
વિજયાબેન તુલસીરામ વ્યાસ
**જેઠ સુદ ૧૨**
ભગવતીપ્રસાદ નર્મદાશંકર દિક્ષીત

ધનગૌરીબેન નારણદેવ આચાર્ય
નંદકિશોર નર્મદાશંકર અધ્વર્યુ
પ્રતિકભાઈ સુનીલભાઈ દિક્ષીત
ઈન્દ્રવદન શાંતિલાલ ઉપાધ્યાય
ઘનશ્યામભાઈ અંબાશંકર આચાર્ય
**જેઠ સુદ ૧૩**
જીવીબેન સોમનાથ ભટ્ટ
શાંતાબેન નર્મદાશંકર દિક્ષીત
મનહરબેન જયાશંકર ભટ્ટ
ભાગીરથીબેન વિશ્વનાથ પાઠક
જશવિદ્યાબેન અંબાશંકર દિક્ષીત
મહાલક્ષ્મીબેન અંબાલાલ ઉપાધ્યાય
હસુબેન (મંજુલા) ઘનશ્યામભાઈ ભટ્ટ
જ્યોતિબેન મધુસુદન પંડ્યા

: **ખાસ નોંધ** : તિથિમાં સુધારા વધારા તથા તિથિદાનને લગતી બાબતો માટે શ્રી વિરેન્દ્ર આચાર્યનો વોટ્સએપ નં. 9979890059 પર સંપર્ક કરવા વિનંતી.

જ્ઞાતિજનોને જણાવવાનું કે આપના અનુદાન મહામંડળના નીચેના એકાઉન્ટમાં સીધા જમા કરાવી શકો છો.

**A/c. Name : Shri Valam Brahman Mahamandal**
**Bank : Central Bank of India** **Branch : Vasna Br., Ahmedabad.**
**A/c. No. : 1059037810** **IFSC Code : CBIN0281463**

**રકમ જમા કરાવ્યાની જાણ રકમના હેતુ સાથે ખજાનચીશ્રી ભરત ભટ્ટને મો. નંબર - 9510893585 ઉપર અનિવાર્ય રૂપે કરાવવા વિનંતી.**

**ડૉ. ધૈર્ય બી. ભટ્ટ** **(M) 7383245526**

**માતૃ ક્લિનીક**
૨૪, સહજ રેસીડેન્સી,
નિકોલ લેક ગાર્ડન પાસે,
નિકોલ, અમદાવાદ

**આરોગ્યમ્ હોસ્પિટલ**
મેડીકલ । સર્જીકલ । ઓર્થોપેડીક
બી-૬, શિવદર્શન સોસાયટી, મનમોહન
ચાર રસ્તા પાસે, ઓઢવ-નિકોલ રોડ, ઓઢવ

**રુદ્રાય હોસ્પિટલ**
મેડીકલ । આઈસીયુ । સર્જીકલ । ડેન્ટલ
છઠ્ઠો માળ, હીલ ટાઉન લેન્ડમાર્ક,
દાસ ખમણની સામે, સાનિધ્યપાર્ક પાસે
નિકોલ-નરોડા રોડ, નિકોલ

# જ્ઞાતિસેવક વિદ્વાન બંધુ બેલડી



## પરશુરામ કૃષ્ણારામ વૈદ્ય, બુરહાનપુર

વાલમ બ્રાહ્મણની ઉત્પત્તિ અંગે સંશોધન કરી તેની અધિકૃત માહિતી ૪૨ શ્લોકની પુસ્તિકા રૂપે ૧૯૩૦માં પ્રકાશિત કરનાર પરશુરામ વૈદ્ય મૂળ વાંઠવાળીના ઉપાધ્યાય હતા. તેમના પૂર્વજો લગભગ પંદર પેઢીથી બુરહાનપુર સ્ટેટમાં રાજવૈદ્ય તરીકે સેવાઓ આપતા તેથી તેઓ વૈદ્ય કહેવાયા. બનારસ કાશી વિદ્યાપીઠમાં તેજસ્વી વિદ્યાર્થી તરીકે અભ્યાસ પૂર્ણ કરી ઓગણીસમી સદીના છેલ્લા દાયકામાં ઉજ્જૈનની પ્રખ્યાત વિક્રમ વિદ્યાપીઠમાં કુલનાયક (ચાન્સેલર) તરીકે સેવાઓ આપેલ. ત્યારબાદ વીસમી સદીની શરૂઆતના બે દાયકા બનારસની કાશી વિદ્યાપીઠમાં સંસ્કૃત વ્યાકરણાચાર્ય અને આયુર્વેદાચાર્ય તરીકે અધ્યયનની કામગીરી નિભાવી. નિવૃત્ત થઈ પાછા બુરહાનપુર આવ્યા. અને તુરત જ બુરહાનપુરના મોગલ નવાબે બુરહાનપુર સ્ટેટના મુખ્ય ન્યાયાધીશ તરીકે નિમણૂંક કરી તેમની ઉત્કૃષ્ઠ વિદ્વતાનો લાભ લીધો હતો. આવી મેધાવી પ્રતિભા ધરાવતા વિદ્વાન વાલમોના વારસદાર હોવાનું સૌ જ્ઞાતિજનોને ગૌરવ છે.



## વિષ્ણુરામ કૃષ્ણારામ વૈદ્ય, બુરહાનપુર

મોટાભાઈ પરશુરામના પગલે તેઓ પણ બનારસ કાશી વિદ્યાપીઠમાં આયુર્વેદાચાર્યનો અભ્યાસ પૂર્ણ કરી બુરહાનપુર ખાતે પેઢીગત વૈદ્યના વ્યવસાયમાં જોડાયા અને રાજવૈદ્ય તરીકે નિમાયા. તેઓ પ્રખર નાડીવૈદ્ય તરીકે જાણીતા હતા. સુપુત્ર બાલકૃષ્ણને આયુર્વેદનું શિક્ષણ ઘરેથી જ આપી એક આગેવાન વૈદ્ય તરીકે પ્રસ્થાપિત કર્યા. ખિડકીવાલે હકીમજી તરીકે તેમની ખ્યાતિ બુરહાનપુર સ્ટેટ અને નિમાડ પ્રદેશના છેવાડાના ગામે ગામ સુધી ફેલાઈ હતી. ચરોતર વિદ્યોત્તેજક મંડળમાં તેમની સેવાઓ નોંધનીય હતી.

ઉપાધ્યાય પરશુરામ કૃષ્ણરામ વૈદ્ય બુરહાનપુરવાળા દ્વારા સંવત ૧૯૮૬ (સને ૧૯૩૦)માં વાલ્મીક બ્રાહ્મણોત્પત્તિ નામે સંશોધન પુસ્તિકા પ્રસિદ્ધ કરેલ. જે આ અંકના પાના નં. ૪ થી ....... ઉપર પુનઃપ્રકાશિત કરેલ છે.

(સંકલન : જયપ્રકાશ શુક્લ, પૂર્વ તંત્રી અને ઉપપ્રમુખ)

### સંતશ્રી પુનિત મહારાજના જીવન કવન આધારિત ક્વિઝ

સંતશ્રી પુનિત મહારાજની ૧૧૭મી જન્મજયંતિ નિમિત્તે તેઓશ્રીના જીવન કવન આધારીત ૧૦૮ પ્રશ્નોની બહુવૈકલ્પિક ક્વિઝ આપેલા ક્યુઆર કોડને સ્કેન કરીને સબમીટ કરી શકો છો. જ્ઞાતિના અબાલવૃદ્ધ સહુ કોઈ પ્રસ્તુત ક્વિઝમાં ભાગ લઈ સંતશ્રી પુનિત મહારાજના જીવન ચરિત્રને નજીકથી નિહાળી શકશો.

R.N.I. NO. 14974/57 Post. Reg. No. GAMC-56/2024-26 Valid up to 31-12-2026
Permitted to post at Ahmedabad PSO on 5th of every month

## પૂનમ ગ્રુપ દ્વારા હવન તેમજ અન્નકૂટ કેમેરાની નજરે





















આગામી વેકેશનના સમયમાં તમામ બાળકોને પત્રલેખનની પ્રવૃત્તિ આવડે તેવા હેતુસર સુંદર કલાત્મક રીતે વાલમ વર્તમાન કાર્યાલયના સરનામે પત્ર લખી મોકલવા જણાવવામાં આવે છે.

નોંધ : રંગપૂરણી પ્રવૃત્તિમાં કુલ ૩૪ બાળકોએ ભાગ લીધેલ છે. તમામને અભિનંદન. તમામ બાળકોના નામ આગામી અંકમાં પ્રસિદ્ધ કરવામાં આવશે.

Printed and Published by **JAYPRAKASHA BHANUPRASAD SHUKLA** on behalf of **VALAM BRAHMAN MAHA MANDAL** and Printed at **First Icon Printers**, 413/8, Alka Shopping Centre, Shah-e-Alam Tolnaka, Ahmedabad-380028 and Published from C/8, Prathna Flat, Opp. Ankur School, Fatehnagar, Paldi, Ahmedabad-380007.
Editor: **JAYPRAKASHA BHANUPRASAD SHUKLA**

**ખાસ નોંધ : મુખપત્રમાં કોઈ પણ જ્ઞાતિબંધુ તેમજ વિભાગીય મંડળો તરફથી આવતી વિગતો, લખાણ, ભાષા માટે મહામંડળ તથા તંત્રી જવાબદાર નથી. - તંત્રી**